# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-11-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## આંતરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ આંતર-રાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ અને ફૂડ ફૉર થૉટ ફેસ્ટ 2025નો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ સ્વદેશી અપનાવવાના શપથગ્રહણ કર્યા હતા. પાલડીના સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે આજથી શરૂ થયેલો આ મહોત્સવ આગામી 23 તારીખ સુધી ચાલશે.

મુખ્યમંત્રીએ કૅન્વાસ પર સહી કરીને રાજ્યમાં અમદાવાદ શહેર રાષ્ટ્રમંડળ રમત 2030 માટે તૈયાર છે, તેને ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવી હતી.

----------------------------------------------------------------------------------------------------

## પરીક્ષણ કેન્દ્રો:

ગ્રાહક બાબતોના મંત્રાલયે ખાનગી ઉદ્યોગો, પ્રયોગશાળાઓ અને પરીક્ષણ સુવિધાઓ માટે સરકાર દ્વારા માન્ય પરીક્ષણ કેન્દ્રો તરીકે માન્યતા આપવા એક ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યું છે.

મંત્રાલયે જણાવ્યું કે 30 નવેમ્બર સુધી સત્તાવાર પોર્ટલ doca.gov.in/gatc દ્વારા ઓનલાઈન અરજી કરી શકાશે.

આ પહેલ વજન અને માપ ચકાસણી વ્યવસ્થા અને માળખાગત સુવિધાના વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ પગલું છે, જેનો હેતુ વેપારમાં ચોકસાઈ, પારદર્શિતા અને ન્યાયીતા સુનિશ્ચિત કરવાનો છે.

----------------------------------------------------------------------------------------------------

## મતદાર યાદી સઘન સુધારણા:

કેન્દ્રીય ચૂંટણીપંચના આદેશ અનુસાર જિલ્લામાં ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે. આ કામગીરી સુચારુ રીતે સમયસર પૂર્ણ થાય તે જિલ્લામાં સમાવિષ્ટ 6 વિધાનસભા મતદાર વિભાગોમાં આવેલ તમામ મતદાન મથકો પર આગામી શનિ રવિ એટલે કે ૧૫ મી અને ૧૬ મી નવેમ્બરે તેમજ એના પછીના શનિ રવિ એટલે કે ૨૨ અને ૨૩ નવેમ્બરે સવારે 9.00થી બપોરે 1.00 સુધી બી.એલ.ઓ. ઉપસ્થિત રહેશે.

આ સમય દરમિયાન મતદારોને બી.એલ.ઓ. વર્ષ-2002ની મતદારયાદીમાં નામ શોધી આપશે. જે મતદારોનું નામ અથવા તેમના માતા-પિતા અથવા દાદા-દાદીનું વર્ષ-2002ની મતદારયાદીમાં ન હોય તેવા કિસ્સામાં કયા કયા પુરાવા પછીના તબક્કે રજૂ કરવા તે અંગે માર્ગદર્શન પણ આપશે. આ ઉપરાંત, મતદારો પોતાને મળેલા ગણતરી ફોર્મ પોતાના ભાગના બી.એલ.ઓ.ને આ દરમ્યાન જમા કરાવી શકશે.

---

## ગાંધીધામ-ભચાઉ વિકાસ કામો:

ગાંધીધામ-ભચાઉ મત વિસ્તારમાં કુલ 15 કરોડ 57 લાખ રૂપિયાના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ કામોમાં મોટી ચીરઈ-પશુડા રોડ અને ભચાઉ તાલુકા પંચાયત અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં 3 કરોડ 42 લાખના વિકાસ કામોનો સમાવેશ થાય છે.

ભચાઉ નવચેતન અંધજન મંડળ ખાતે આશરે સાડા ત્રણ કરોડના વિકાસ કાર્યો માટેના વર્કઓર્ડર સરપંચોને સુપરત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, આશાપુરા મંદિર ખાતે 2 કરોડ 10 લાખના ખર્ચે તૈયાર થનારા મોટી ચીરઈ-પશુડા રોડનું ખાતમુહૂર્ત કરાયું હતું.

ભચાઉ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં શરૂ કરાયેલા આ માર્ગ નિર્માણના કાર્યથી સ્થાનિક લોકોની પાકા માર્ગની લાંબા સમયથી ચાલતી માંગ સંતોષાશે.

---

## ભુજ નગર પાલિકા:

ભુજ નગરપાલિકા દ્વારા શહેરમાં રખડતા શ્વાનોની વધતી સંખ્યાને નિયંત્રિત કરવા માટે ખસીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે 10 લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કચ્છ સહિત સમગ્ર દેશમાં રખડતા શ્વાનોની સમસ્યા પ્રજાજનો માટે મુશ્કેલીરૂપ બની રહી છે, જેની નોંધ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા પણ લેવામાં આવી છે. ભુજ શહેરમાં પણ વિવિધ વિસ્તારો અને સોસાયટીઓમાંથી શ્વાનોના ત્રાસ અંગેની વ્યાપક ફરિયાદો મળી રહી હતી.

ભુજ નગરપાલિકાએ આ અંગે કાર્યવાહી કરવાની દિશામાં નિર્ણય લેતા હવે આ માટે ટૂંક સમયમાં ઓનલાઈન ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## ગ્રંથપાલ સેમિનાર:

જિલ્લાના પુસ્તકાલયોના ગ્રંથપાલનો સેમિનાર આગામી રવિવારે ભુજ ખાતે યોજાશે. ભુજના મહારાવ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય અને વિવેકાનંદ રિસર્ચ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયૂટ માંડવી દ્વારા આર.આર. લાલન કોલેજના સ્પીપા ઓડિટોરિયમ ખાતે યોજાનાર આ સેમીનાર સવારે નવ વાગ્યાથી શરુ થશે.

સેમિનારનું ઉદ્ઘાટન કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલ અને ગ્રંથાલય નિયામક, ગાંધીનગર  ડો. પંકજ ગોસ્વામી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં `પુસ્તકાલય જ્ઞાનના પ્રવેશદ્વાર તથા સમાજના આધારસ્તંભ' એ વિષય પર ગ્રંથાલયો સમાજના વિકાસમાં કેવી રીતે ઉપયોગી થઈ શકે એ સંદર્ભે વિવિધ વક્તાઓ પોતાના વિચારો રજૂ કરી માર્ગદર્શન આપશે.

---------------------------------------------------------------------------------------

## હવામાન:

સરહદી કચ્છ જિલ્લામાં હવે સામાન્ય ઠંડીની ચમક વર્તાઈ રહી છે. જિલ્લાના છેવાડે આવેલા નલિયામાં આજે લઘુતમ તાપમાન 14.5 ડિગ્રી નોંધાયું છે, જે રાજ્યમાં બીજા સૌથી ઠંડા મથક તરીકે રહેવા પામ્યું છે, જ્યારે 13.5 ડિગ્રી સાથે રાજ્યમાં અમરેલી મોખરે નોંધાયું છે.

બીજી બાજુ, જિલ્લા મથક ભુજ શહેરમાં આજે ગુરુવારે લઘુતમ તપામાન 18.4 ડિગ્રીના આકે રહેતાં સાંજથી લઇ વહેલી સવાર સુધી ઠંડીની પકડ જળવાયેલી રહી છે. ભુજ શહેરમાં સંધ્યાકાળથી જ ગુલાબી ઠંડીની ચમક અનુભવાય રહી છે. ખાસ કરીને ગુલાબી ઠંડીમાં પણ સવારના શાળાએ જતા બાળકો અને કામ-ધંધા માટે નીકળેલા લોકો હવે ગરમ વસ્ત્રોનો આશરો લેતા નજરે પડી રહ્યા છે.

જોકે સપ્તાહ દરમ્યાન કચ્છના વાતાવરણમાં કોઈ મોટો ફેરફાર થાય તેવી સંભાવનાને હવામાન વિભાગે નકારી છે.

---